# આજે બિનસચિવાલયની પરીક્ષા : હિંમતનગર-ઈડર ઝોનમાં બેઠક વ્યવસ્થા ગોઠવાઈ

## જિલ્લાના ૪૬૦૬૯ બેરોજગારો પરીક્ષા આપશે : ૧૩૫ બિલ્ડીંગોના ૧૫૩૬ બ્લોકની વ્યવસ્થા : પરીક્ષાના સુચારૂ સંચાલન માટે બે સ્ટ્રોંગરૂમ અને ૩૪ રૂટ નક્કી કરાયા

હિંમતનગર, તા. ૧૬
ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા બિન સચિવાલયની કેટલીક જગ્યાઓ માટે થોડા સમય અગાઉ જાહેરાત પ્રસિદ્ધ કરાઈ હતી. જેમાં ગુજરાતના લાખો બેરોજગારોએ ઉમેદવારી કરી હતી. ત્યારબાદ જાહેરસેવા આયોગ દ્વારા તા. ૧૭ નવેમ્બરના રોજ ગુજરાતમાં એકી સાથે લેખિત પરીક્ષા લેવાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. જે અંતર્ગત રવિવારે સાબરકાંઠા જિલ્લામાં ઈડર અને હિંમતનગર ઝોનમાં બીનસચિવાલયની લેખિત પરીક્ષા લેવાશે. જેમાં અંદાજે ૪૬૦૬૯ ઉમેદવારો પરીક્ષા આપશે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસના જણાવાયા મુજબ રવિવારે યોજાનારી બિનસચિવાલયની લેખિત પરીક્ષાની સાબરકાંઠા જિલ્લામાં ઈડર અને હિંમતનગર ઝોનમાં બેઠક વ્યવસ્થા કરાઈ છે. આ બેઠક વ્યવસ્થામાં ૧૩૫ બિલ્ડીંગોના ૧૫૩૬ વર્ગખંડનો ઉપયોગ કરવામાં આવશે. પરીક્ષાના સુચારૂ સંચાલન માટે તંત્ર દ્વારા ૩૪ રૂટ બનાવાયા છે. તથા બે સ્ટોરંગરૂમ રહેશે. જ્યાંથી પરીક્ષાના પેપરોની પરીક્ષા કેન્દ્રો ખાતે મોકલાયા બાદ પરીક્ષા પૂર્ણ થયા પછી તેને પરત લાવવાની વ્યવસ્થા કરાઈ છે.

પરીક્ષામાં કોઈ ગેરરીતી ન થાય તે માટે તમામ બિલ્ડીંગોમાં સીસીટીવી કેમેરા ચાલુ રહેશે. જોકે જે કેન્દ્રમાં સીસીટીવી કેમેરા ઉપલબ્ધ નહી હોય તેવા સ્થળે વધારાના સુપરવાઈઝર ગોઠવાશે. બપોરે ૧૨ થી ૨ વાગ્યા સુધી યોજાનાર આ લેખિત પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે પોલીસતંત્ર દ્વારા વિશેષ બંદોબસ્તનું આયોજન કરાયુ છે. શિક્ષણાધિકારીએ પરીક્ષાર્થીઓને અપીલ કરતા જણાવ્યું છે કે તમામ પરીક્ષાર્થીએ પેપર શરૂ થાય તે અગાઉ બેઠક નંબર પર હાજર થઈ જવાનુ રહેશે.



હિંમતનગરના ટાવર ચોકમાં શનિવારે સાંજે ૪ થી ૬ બે કલાકના જિલ્લા ભાજપના ધરણા યોજાયા હતા. જેમાં સુત્રોચ્ચાર કરી અને પ્લે કાર્ડ સાથે યોજ્યા હતા. રાહુલ અને કોંગ્રેસ જનતાની રાફેલ મુદે જનતાની માફી માગે તે સાથે ધરણા પર બેસ્યા હતા. આ ધરણામાં જિલ્લા ભાજપ જે.ડી. પટેલ, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, મહામંત્રી અશોક જોશી, હિંમતનગર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, મહિલા કાર્યકર્તા સહિત કાર્યકરો ધરણામાં જોડાયા હતા.

# હિંમતનગર ખાતે જીઆરડીનો ભરતી મેળો યોજાયો

## ૧૪૦ની ભરતી સામે ૪૦૦ થી વધુ બેરોજગારો હાજર રહ્યા : જિલ્લાનુ મહેકમ ૯૧૩ છે : ૯૦ પુરૂષ અને ૪૦ મહીલાઓની પસંદગી કરાઈ

હિંમતનગર, તા. ૧૬
રાજ્ય સરકાર દ્વારા પોલીસની કામગીરીને મદદરૂપ



થવા તથા જરૂર પડે ત્યારે સલામતી માટે ગોઠવાતા બંદોબસ્ત દરમ્યાન બેરોજગાર યુવાનોને માનદસેવા આપવા માટે ગ્રામ રક્ષકદળમાં ભરતી કરવામાં આવે છે. ત્યારે શનિવારે હિંમતનગરમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગ્રામ રક્ષક દળના ભરતી મેળાનુ સફળ આયોજન કરાયુ હતુ. જેમાં ૧૩૦ની ભરતી કરવામાં આવી હતી. પસંદગી પામેલા ઉમેદવારોને ૧૫ દિવસની તાલીમ લેવાની રહેશે.

આ અંગે જિલ્લા હોમગાર્ડ કચેરીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં જીઆરડીનુ મહેકમ ૯૧૩ નુ છે. જે પૈકી સમયાંતરે કેટલીક જગ્યાઓ ખાલી પડતા તે ભરવા માટે તંત્ર દ્વારા ભરતી મેળાનું આયોજન કરવાના ઉચ્ચ કક્ષાએથી મળેલા આદેશ બાદ શનિવારે હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ભરતી મેળો યોજાયો હતો. જે અંતર્ગત ૯૦ પુરૂષ અને ૪૦ મહિલાઓની પસંદગી કરવામાં આવી હતી. પસંદગી પામેલા ઉમેદવારોને ૧૫ દિવસની તાલીમ આપવામાં આવશે. જેમાં બંદોબસ્ત દરમ્યાન કેવી કામગીરી કરવી તે અંગે સમજ અપાશે.

હિંમતનગર ખાતે યોજાયેલા આ ભરતીમેળામાં ૧૩૦ જીઆરડીની ભરતી કરવાની હતી ત્યારે તેમાં જિલ્લાના વિવિધ સ્થળેથી અંદાજે ૪૦૦થી વધુ બેરોજગારો હાજર રહ્યા હતા. જોકે જીઆરડીમાં ભરતી થવા માટેની લાયકાત ધો. ૭ પાસ હોવા છતાં



શનિવારે યોજાયેલા આ ભરતી મેળામાં મોટાભાગના બેરોજગારો ધો. ૧૦, ૧૨ અને કોલેજમાં ભણતા હતા. જેના પરથી જણાઈ આવે છે કે સાબરકાંઠામાં બેરોજગારોની સંખ્યા વધી રહી છે. પરંતુ તેમને નોકરી મળતી ન હોવાથી નીચી પાયરીની જગ્યાઓ પર નોકરી મળે તો સ્વીકારી લેવાનો મત ધરાવે છે.

જીઆરડીમાં પસંદગી પામેલા ઉમેદવારોને સરકાર તરફથી માનદવેતન પેટે દૈનિક રૂ. ૨૦૦ ભથ્થા પેટે તથા રૂ. ૩૦ ભાડા માટે અપાશે. તથા પસંદગી પામેલા ઉમેદવારોને બંદોબસ્ત માટે જરૂર પડે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મોકલાશે. જોકે કોઈને અન્યાય ન થાય તે માટે બંદોબસ્તમાં ફરજ બજાવવા માટે સમાન તક મળે તે માટે રોટેશન પદ્ધતિથી કામગીરી કરાશે. ભરતીમાં ભાગ લેવા આવેલા તમામ ઉમેદવારોની શારિરીક ચકાસણી તથા મેદાનમાં દોડના બે રાઉન્ડમાં ઉમેદવારોને દોડાવાયા હતા.

# પાલનપુર ખાતે પ્રજ્ઞાચક્ષુઓ માટેનો જિલ્લા કક્ષાનો ખેલમહાકુંભ યોજાયો

પાલનપુર ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને બનાસકાંઠા જિલ્લા અંધજન મંડળ દ્વારા પ્રજ્ઞાચક્ષુઓ માટેનો જિલ્લા કક્ષાનો ખેલ મહાકુંભ યોજાયો હતો. પાલનપુર શહેરના જ્યોર્જ ફિફ્થ ક્લબ માં બનાસકાંઠા જિલ્લા અંધજન મંડળ દ્વારા જિલ્લા કક્ષાનો ખેલમહાકુંભ યોજાયો હતો. જેમાં ૨૮૬ જેટલા જિલ્લાના પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ ભાગ લેશે. ૨ દિવસ ચાલનારા આ ખેલ મહાકુંભમાં પ્રથમ દિવસે ૧૭૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

જેમાં જિલ્લામાંથી આવેલા પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓએ ચેસ, ૧૦૦ મીટર દોડ, લાંબી કુદ, ગોળાફેંક, બરછીફેંક, ચક્રફેંક જેવી રમતો રમી તેમનું કૌવત દેખાડ્યું હતું. ખેલ મહાકુંભના બીજા દિવસે ૧૧૨ જેટલા ખેલાડીઓ ક્રિકેટની મેચમાં ભાગ લેશે. જિલ્લા કક્ષાના અંધજનો માટે યોજાયેલા ખેલમહાકુંભ માં વિજેતા બનનારા ખેલાડીઓને રાજ્યકક્ષાએ રમવા મોકલવામાં આવશે.

# પ્રાંતિજના અંબાવાડા પાસે ઈગ્લીંશ દારૂ ભરેલ કાર પલ્ટી ખાઈ ખારી પુલને અથડાઈ

પ્રાંતિજ, તા. ૧૬
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અંબાવાડા પાસે વહેલી



સવારે ઈગ્લીંશ દારૂ ભરેલ કાર પલટી ખાઈ ખારી પુલને અથડાઈ તો પ્રાંતિજ પોલીસને જાણ થતા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી મુદામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ હિંમતનગર-તલોદ રોડ ઉપર આવેલ પ્રાંતિજના અંબાવાડા ગામની સીમ ખારી નદીના પુલ પાસે વહેલી સવારે ૫.૩૦ કલાકે પલટી ખાઈ જતાં પ્રાંતિજ પોલીસને સમાચાર મળતા પ્રાંતિજ પોલીસના કોન્સ્ટેબલ કિરીટસિંહ, મોહનસિંહ, જગદીશભાઈ સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. તલોદ તરફથી ફુલફાસ્ટ આવતી ઈનોવા કાર જીજેઆઈકેજે.૯૯૦૯નો ચાલક પોતાના કબજાની કારમાં ભારતીય બનાવટનો પર પ્રાતનો ઈગ્લીંશ દારૂ મકડોલ વ્હીસ્કી ૯૮ બોટલ જેની કિંમત-૪૯,૦૦૦ તથા પીમીયલ વિસ્કી બોટલ-૩૦૪ જેની કિંમત ૧,૨૧,૬૦૦ મળી કુલ ઈગ્લીંશ દારૂ કિંમત-૧૭૦,૬૦૦ તથા કારની કિંમત ૬,૦૦૦૦૦ મળી કુલ-૭,૭૦,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ કોન્સ્ટેબલ જગદીશભાઈ છગનભાઈની ફરિયાદના આધારે પ્રાંતિજ પોલીસે અજાણ્યા કારચાલક વિરૂધ્ધ ગુનો નોધી પ્રોહીબીશન એકટ ૨૦૧૬ના નવા સુધારાની કલમ ૬૫ઈ, ૧૧૬ બી, ૯૮(૨) મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીએસાઈ પી.ડી. ચૌધરી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# સહયોગ દ્વારા દૂધસાગર ડેરીના સ્થાપક સ્વ. માનસિંહભાઈ પટેલની ૧૦૧મી જન્મ શતાબ્દી સમારોહ ઉજવાયો

મહેસાણા, તા. ૧૬
ઉત્તર ગુજરાત જેવા પાણીની કાયમી અછત ધરાવતા વિસ્તારમાં ખેડૂતોને આજીવિકાનું સાધન આપનાર, અસંખ્ય પશુપાલકોને સન્માન, સ્વમાન, સ્વાવલંબન અને સમૃદ્ધિ અપાવનાર, જિલ્લાના પનોતા પુત્ર સહકારી શ્રેષ્ઠી અને દૂધસાગર ડેરીના આદ્યસ્થાપક સ્વ. માનસિંહભાઈ પટેલ જેવા વિરલ વ્યક્તિત્વનો ૧૦૧મી જન્મ શતાબ્દિ સમારોહ બનાસડેરી તથા અમુલ ફેડરેશન આણંદના પૂર્વ અધ્યક્ષ પરથીભાઈ ભટોળના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો





હતો.

આ કાર્યક્રમમાં દૂધસાગર ડેરના સંવર્ધક મોતીભાઈ ચૌધરીના ધર્મપત્ની મોંઘીબા, દૂધસાગર ડેરીન સ્થાપક સ્વ. માનસિંહભાઈના પુત્ર વિપુલભાઈ ચૌધરી, પૂર્વ સેક્રેટરી પી.કે. લહેરી, દેવેન્દ્રભાઈ પટેલ વરિષ્ઠ પત્રકારો ડૉ. હરિભાઈ દેસાઈ અને મણીભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આજના પ્રસંગે સહયોગના નિયામક મંડળ દ્વારા મોંઘી બા નું સ્મૃતિભેટ આપી સન્માન કરવામાં આવ્યુ જ્યારે માનસિંભાઈના પુત્ર વિપુલ ચૌધરીનું દૂધસાગર ડેરીના કર્મચારી યુનિયન દ્વારા સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવ્યું.

ગુજરાત સરકારના પૂર્વ ચીફ સેક્રેટરી પી.કે. લહેરીએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લાના આગેવાનોએ કાયમ ગુજરાતને સહકારી તથા રાજકીય આગેવાની પુરી પાડી છે.

# હિંમતનગરમાં વિહીપ દ્વારા સુવર્ણપ્રાસન કાર્યક્રમ યોજાશે

હિંમતનગર, તા. ૧૬
વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા ત્રણ માસથી બાર વર્ષના બાળકોની યાદ શક્તિ અને બુદ્ધિશક્તિમાં વધારો થાય તે માટે તા. ૧૮ નવેમ્બરના રોજ હિંમતનગરના ગણપતિ મંદિર ખાતે સુવર્ણપ્રાસનના ટીપાં પીવડાવવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સુવર્ણપ્રાસન ટીપાં પીવડાવવાથી બાળકોમાં રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. અને બાળકનુ ચીડીયાપણુ દૂર થાય છે. સુવર્ણપ્રાસનમાં ખાસ કરીને શંખપુષ્પી બ્રાહ્મી, ગોખરૂ, શતાવડી, મધ, સુવર્ણ ભષ્મ તથા અન્ય ઔષધિઓનું મિશ્રણ કરાતુ હોવાથી તેને બેઈન ટોનિક કહેવામાં આવે છે. જેથી લોકોએ સુવર્ણપ્રાસનના ટીંપા પીવડાવવા માટે જણાવાયુ છે.

# ગઢા ગામે બેફામ બાઈક ચલાવવા બાબતે ઝઘડો થતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર તાલુકાના ગઢા ગામની સીમમાંથી પાંચ દિવસ અગાઉ પસાર થઈ રહેલ મોટી વાડોલ ગામના એક બાઈક ચાલકે બાઈકને બેફામ રીતે ચલાવી ખેતરેથી પરત આવી રહેલા એક ઈસમ સાથે ઝઘડો કરી બાઈકની ચાવી તેની આંખોમાં ફેંકતા ગંભીર ઈજા થઈ હતી. જે અંગેની ફરીયાદ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ગઢા ગામના દલપતભાઈ કચરાભાઈ ભાંભીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તા. ૧૧ નવેમ્બરના રોજ સાંજના સુમારે પોતાના ખેતરેથી ઘર તરફ આવી રહ્યા હતા ત્યારે ગઢા ગામની સીમમાંથી પસાર થઈ રહેલ મોટીવાડોલ ગામના વિરેન્દ્રસિંહ ઉર્ફે વિરસીંહ રણજીતસિંહ ઝાલાએ બાઈકને દલપતભાઈ સાથે અથડાઈ જાય તે રીતે હંકારી હતી. જેથી દલપતભાઈએ વ્યવસ્થિત બાઈક ચલાવવાનું કહેતા વિરેન્દ્રસિંહે ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી દલપતભાઈને જાતી વિરૂદ્ધ ઉચ્ચારણો કરી અપમાનીત કર્યા હતા. તથા વિરેન્દ્રસિંહ ઝાલાએ ગદડાપાટુનો માર મારી બાઈકની ચાવી દલપતભાઈની આંખ પર મારીને ગંભીર ઈજા પહોંચાડી હતી.

## મોડાસાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો

# ત્રિ-દિવસીય મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવનો ભવ્યાતિભવ્ય પ્રારંભ

## બીજા દિવસે ભવ્ય કળશ યાત્રા યોજાઈ શહેરે ભક્તિના રંગે રંગાયું : ૩૦૦ યજ્ઞ કુંડમાં બેઠેલા ૨૫૦૦ યજમાનોએ વિશ્વશાંતિ માટે પુજશાંતિ પાઠ સાથે યાહુતી આપી








મોડાસા, તા. ૧૬
મોડાસાના આંગણે નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે મૂર્તિ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ શરૂ થયો છે. મોડાસા બાયપાસ રોડ પર આવેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોય તેનો રજત જયંતિ મહોત્સવ અને નૂતન મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે મહિલા સંમેલનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ૧૫ નવેમ્બરથી શરૂ થયેલ ત્રિદિવસીય કાર્યક્રમમાં પ્રથમ દિવસે મહિલા સંમેલન અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે ૧૬ નવેમ્બર બીજા દિવસે સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયાગ, બપોરે ત્રણ કલાકે રામપાર્કથી નગરયાત્રાનો પ્રારંભ અને બાયપાસ પર નવનિર્મિત મંદિરે પૂર્ણાહૂતિ જ્યારે સન્માન સમારોહનું કાર્યકર્મ યોજાયો હતો રવિવારે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ બાદ સભા યોજી મહાપ્રસાદ લઈને કાર્યક્રમની પૂર્ણાહૂતિ થશે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો કાર્યક્રમનો લાભ લઈ રહ્યા છે તેવું મંદિરના મહંત મહંતસ્વામી મહારાજ દ્વારા જાણવા મળ્યું હતું.

મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમના પ્રથમ દિવસે મહિલા સંમેલનમાં જિલ્લાની ૨૫૦૦ ઉપરાંત બહેનોએ ભાગ લીધો હતો જેમાં પ્રિન્સીપલ ડિસ્ટ્રીક જજ ગોગારી, જિલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પરમાર, મોડાસા પ્રાંત અધિકારી ઈલાબેન આહિર, ના. ડીડીઓ રેણુકાબેન બારોટ, જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ, મોડાસા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ વનિતાબેન પટેલ, જિલ્લા રમતગમત અધિકારી હર્ષાબેન ઠાકોર, ભગીની સેવા સમાજના જયશ્રીબેન પટેલ, ટીએચઓ ડૉ. જીજ્ઞાબેન જયસ્વાલ, કમળાબેન રાવલ, ગીતાબેન ખાંટ, જિલ્લાના ના. મામલતદારો ફાલ્ગુનીબેન સોની, રમીલાબેન પટણી, હેતલબેન પાલંદરીયા, ચારૂબેન પરમાર, હર્ષાબેન દેસાઈ, જિલ્લા પુરવઠા અધિકારી મમતાબેન સોજીત્રા, દહેજ પ્રતિબંધક અધિકારી, મેઘાબેન ગોસ્વામી, આઈસીડીએસ ઈલાબેન જોષી, પૂર્વાબેન પટેલ, ના. મામલતદાર



આરતીબેન વ્યાસ, શ્રમ અધિકારી રીનાબેન કોપચા, પીનાબેન સુભાષભાઈ શાહ, ચંદ્રીકાબેન પટેલ, ડૉશકુંતલાબેન પટેલ, મધુબેન જાની, હેમલત્તાબેન પટેલ સહિત મોટી સંખ્યામાં મહિલા અગ્રણીઓ ઉપરસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમની શોભા વધારી હતી.

આ પ્રસંગે પૂ. સંતોના પૂર્વાશ્રમના માતૃશ્રીઓનું પણ અભિવાદન અને પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ મધીબેન દામજીભાઈ ખપુડીયા, નયનાબેન ભાઈલાલભાઈ, દિવ્યાબેન રાવલ, ભીખીબેન કોદરભાઈ પટેલ, ઈન્દુબેન મનુભાઈ ચૌહાણ, રમાબેન સતીષભાઈ જોષી, નર્મદાબેન કેશુભાઈ પટેલ, ગીતાબેન નરેશભાઈ પટેલ, અરૂણાબેન ગીરીશભાઈ, રાગીણીબેન કિર્તિભાઈ પટેલ અને મીનાક્ષીબેનનું અભિવાદન કરાયું હતું.

પ્રગટ પ્રમુખ સ્વરૂપ મહંતસ્વામી મહારાજના કરકમળો દ્વારા ગોંડલ મુકામે ૧૮-૧૦-૨૦૧૯ના રોજ પ્રતિષ્ઠીત થયેલી મૂર્તિઓનું નૂતન મંદિર સંકુલમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ બી.એ.પી.એસ.સંસ્થાના વરિષ્ઠ સદગુરુ સંત પ.પૂ.વિવેકસાગર સ્વામીના વરદ હસ્તે ૧૬-૧૧-૨૦૧૯ને શનિવારના રોજ વિશ્વશાંતિ મહાયજ્ઞ અને ૧૭ નવેમ્બર અને રવિવારે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ખુબ જ ધામધૂમથી ઉજવાશે તેવું મંદિરના મહંતે જણાવ્યું હતું. આ ભવ્ય ધાર્મિક પ્રસંગને સુઆયોજીત કરવા માટે મંદિરમાં હજારો હરિભક્તો સેવા આપી રહ્યા છે. જ્યારે આયોજકો દ્વારા જુદી જુદી સમિતિઓ બનાવવામાં આવી છે. જેમાં ડૉ. જીતુભાઈ પટેલ, મુકેશભાઈ પંચાલ, ડૉ.હેમંતભાઈ પટેલ, કેતુભાઈ પટેલ, અનિરૂધ્ધભાઈ પટેલ, ડૉ. જનકભાઈ ચૌહાણ, ભરતભાઈ પ્રજાપતિ, પ્રવિણભાઈ પ્રજાપતિ, સોમતીભાઈ સોની, કચરાભાઈ ચૌહાણ, પ્રશાંતભાઈ પટેલ, પિયુશભાઈ પટેલ, ચંદ્રકાન્તભાઈ પટેલ, ડૉ .નિતેશભાઈ પટેલ, પરવતસિંહ બાપુ, ડૉ. હસમુખભાઈ પટેલ, હર્ષદભાઈ પ્રજાપતિ, ભદ્રેશભાઈ પંચાલ, દિનેશભાઈ પટેલ, અંકિતભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, બાબુભાઈ જકીન્સભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ, હિતેન્દ્રભાઈ રાજ પુરોહિત, પ્રકાશભાઈ પ્રજાપતિ, દિપકભાઈ પારેખ, વિઠ્ઠલભાઈ પરમાર, કિરીટભાઈ પટેલ, વિપુલભાઈ, ચંદ્રેશભાઈ ચૌહાણ, સતિષભાઈ જોષી અને યોગેશભાઈ પટેલ સહિતના સત્સંગીઓએ પૂર્ણ સમય ફાળવ્યો છે. મંગલપુર સ્વામી, નિર્મળચરણ સ્વામી, આનંદ યોગી સ્વામી, પ્રયાગમુની સ્વામી, આત્મચરણ સ્વામી, વિરક્તમુની સ્વામી અને વર્ણરાજ સ્વામીનો પૂર્ણ સમયનો લાભ સત્સંગીઓને મળવાનો છે.